હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, હવે બદલાતી સીઝનને અનુલક્ષી, વિન્ટર સમર મોન્સુન ત્રણેય સીઝનની વસ્તુના 'ધમાકા - સેલ' ભેગા જ કરી દીધા છે...

વાત-વાતમાં.....

- શહેરમાં વહેલી સવારથી જ આકાશમાં વાદળો સાથે મૌસમમાં પલ્ટો જણાયો હતો. આ સાથે વહેતો પવન શહેરીજનોને જાણે દરિયા કિનારે રહેતા હોય તેવી અસર કરાવતો હોય તેવો અનુભાવાતા મૌસમનો મિજાજ "ટૉક ઓફ ધ ટાઉન" બન્યો હતો.
- શહેરમાં એક મારૂતિ ઈકોવાન ખ-૬ સર્કલે ભટકાઈ હતી જેના કારણે સર્કલને તથા ગાડીને પણ નુકશાન થયુ હતુ. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થવા પામી નહોતી.
- શહેરમાં હોળીના દિવસે સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી નજીક એક ટ્રક ઝાડ સાથે ટકરાઈ હતી. આ ટ્રકની સ્પીડ એટલી હતી કે આખેઆખુ ઝાડ મૂળમાંથી ઉખડી જવા પામ્યું હતું.

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતેના શ્રી શીલનાથ જૈન દેરાસર ખાતે આજે શ્રી આદિનાથ પરમાત્મા, શ્રી શાંતિનાથ પરમાત્મા અને શ્રી સિધ્ધચક્ર ભગવાનનો જિનાલય પ્રવેશ સહ પ્રતિષ્ઠા કાર્યક્રમ ફાગણ વદ-૨ બુધવારે યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીયસંત પૂ. આચાર્ય શ્રીમદ પદમસાગર સુરિશ્વરજી મ.સા., આચાર્ય ભગવંત પૂ. હેમચંદ્રસાગર સૂરિશ્વરજી મ.સા. તથા પન્યાસ ભગવંતો, મુનિ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં યોજાયેલ આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં જૈન સંઘના સભ્યોએ પરિવાર સહિત ઉપસ્થિત રહી પ્રતિષ્ઠા દર્શન, ગુરુદેવ દર્શન તથા નવકારશીનો લાભ લીધો હતો.

વાવોલમાં અસામાજીક તત્વોએ પરિવાર-પાડોશીઓ પર પથ્થરો માર્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામની હરીનગર સોસાયટી નજીક ગતરોજ સાંજના સુમારે કેટલાક શખ્સો અપશબ્દો બોલી રહ્યા હતા. જેથી સોસાયટીના રહીશે અપશબ્દો બોલવાની ના પાડતા અસામાજીક તત્વોએ સોસાયટીના નાગરીક પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને અન્ય પાડોશીઓ વચ્ચે પડતા અસામાજીક તત્વોએ છુટ્ટા પથ્થરો મારીને હાહાકાર મચાવ્યો હતો. આ બનાવને પગલે સ્થાનિક નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

મળતી માહિતી મુજબ વાવોલ ગામની હરીનગર સોસાયટીમાં રહેતા શૈલેન્દ્રસિંહ કિશોરસિંહ સોલંકીની ફરીયાદ મુજબ બુધવારે મોડીસાંજે ઘરની બહાર બુમાબુમ અને અપશબ્દો સંભળાઈ રહ્યા હતા. ત્યારે ફરીયાદીએ બહાર આવીને જોયું તો ગામનો વિક્રમ અને દશરથ હાથમાં પાઈપ લઈને ઉભા હતા અને અન્ય બે શખ્સો અંદરોઅંદર ગાળાગાળી કરતા હતા. જેથી ફરીયાદીએ ઠપકો આપતા ઉશ્કેરાયેલા તમામ ઈસમોએ તેમને માર માર્યો હતો. જેમાં વિક્રમે હાથમાં રહેલી પાઈપ ફરીયાદીના માથામાં ફટકારતા માથામાંથી નીકળતુ હતું. જેથી બનાવને પગલે હોહામચી જતા ફરીયાદીના પત્ની અને કાકી દોડી આવતા ત્રણ જેટલા શખ્સો એ ઈંટોના રોડા છુટા માર્યા હતા. ત્યારબાદ આ ઈશમો જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આસપાસના નાગરીકો દોડી આવતા ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયા ફરીયાદીને માથાના ભાગે ટાંકા આવ્યા હતા અને જમણા હાથે ફ્રેકચર થયુ હતું. જયારે તેમના કાકીને પગની આંગળી પર ઈંટનું રોડુ વાગતા ફ્રેકચર હોવાનું સામે આવ્યું હતું. સેકટર-૭ પોલીસે અસામાજીક તત્વો સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમિયાપુરમાં સામાન્ય બાબતે તકરાર : સાત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા અમીયાપુર ગામમાં ગતરોજ બે પરિવારો વચ્ચે નજીવી બાબતે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. લાકડી, ધારીયા, ધોકા લઈ બે પક્ષો એકબીજાની સામે આવી જતા ગામમાં દોડધામ મચી ગઈ હતી. જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે સામસામે ૭ વ્યકિતઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમીયાપુર મોટાવાસમાં રહેતા ગૌતમ રસીકજી ઠાકોરની ફરીયાદ મુજબ હોળીના દિવસે ગામનો સુમિત મફાજી ઠાકોર ફરીયાદીની પત્ની સાથે વાત કરી રહ્યો હતો. જેથી ફરીયાદીએ પુછતા સુમિતે વ્યવસ્થિત જવાબ આપ્યો ન હતો. જેથી ફરીયાદીએ ઘરે જઈને વાત કરતા તેના પિતા અને કૌંટુબિક કાકા સુમિતના ઘરે જઈને ઠપકો આપ્યો હતો.ત્યારબાદ બીજા દિવસે બુધવારે સુમિતે પ્રેમનું સ્ટેટસ મુકતા ફરીયાદીનો નાનોભાઈ અર્જુન સુમિતને કહેવા જતા સુમિત તેના પિતા મફાજી છબુજી ઠાકોર, ખોડાજી રાયચંદજીએ ભેગા મળીને ફરીયાદીના ભાઈ તેમજ કાકાને મારમાર્યો હતો. તો બીજીતરફ મફાજી છબુજી ઠાકોર દ્વારા નોંધાવેલી ફરીયાદ મુજબ તા.૧૦ માર્ચના રોજ ગામના રસિક ઠાકોર પરિવાર સાથે આવીને સુમિત દિકરાની વહુને મેસેજ કરતો હોવાનું કહ્યું હતું. જેથી ફરીયાદીએ પુત્રને ઠપકો આપી મામલો શાંત પાડ્યો હતો. જયારે બીજા દિવસે સવારે કાળાજી અમથાજી ઠાકોર, ગીતાબેન કાળાજી ઠાકોર, અર્જુન તેમજ ગૌતમ તમામ ફરીયાદીના ઘરે આવ્યા હતા અને તમારો છોકરો ફેમ મેસેજ કરે છે કહીને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ લાકડીઓ પાઈપો વડે ફરીયાદી સહિતના પરિવારને મારમાર્યો હતો.

ખૂણેખાંચરેથી

- કોરોના વાયરસના ભયને લઈ જિલ્લા આરોગ્યતંત્ર ૫૦ હજાર નંગ થ્રી લેયર માસ્કની ખરીદી કરશે.
- ગાંધીનગર ભાજપના પ્રભારી તરીકે સેવાઓ આપી ચુકેલ અને નિવૃત્ત નાયબ સચિવ રમીલાબેન બારાની રાજ્યસભાના ઉમેદવાર તરીકે પસંદગી થતાં શહેરમાં આનંદની લાગણી છવાઈ છે. રમીલાબેને શિક્ષિકા તરીકે કારકિર્દી શરૂ કરી હતી. તેઓ ભાજપના પૂર્વ ધારાસભ્ય પણ રહી ચુક્યા છે એટલુ જ નહિ તેઓ પૂર્વ ધારાસભ્ય સ્વ. મૂળજીભાઈ બેરાની દિકરી છે.
- ગાંધીનગર જિલ્લા આર્યુવેદ અધિકારીશ્રી હસ્તક ૧૧ દવાખાનાઓમાંથી ૧૮ હજારથી વધુ કોરોના-સ્વાઈનફ્લુ જેવા રોગો સામે હોમીયોપેથીની દવાઓનું વિતરણ આજ સુધીમાં થયુ છે.
- કોંગ્રેસના બે ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા અને બળદેવજી ઠાકોર આજે જિલ્લા પંચાયત ખાતે આવ્યા હતા.
- કોરોના વાયરસને લઈ આજે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે.
- છેલ્લા બે દિવસથી વિધાનસભા ગૃહમાં મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

રાજા-રજવાડાઓના ઈતિહાસને જીવંત રાખવા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ભવ્ય મ્યુઝિયમ બનાવવા મુખ્યમંત્રીને રજુઆત

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીએ પણ પક્ર રાજા-રજવાડાનું ભવ્ય મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્યની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને મળીને કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે રાજા-રજવાડાઓના ઈતિહાસને જીવંત રાખવા એક ભવ્ય મ્યુઝિયમ બનાવવા રજુઆત કરવામાં આવી છે.

અખંડ ભારતના નિર્માણ અને દેશને પ્રજાસત્તાક બનાવવા પોતાના રજવાડા દેશને અર્પણ કરનાર ૫૬૨ રાજા-રજવાડાઓના ઈતિહાસને જીવંત રાખી શકાય તેવા આશયથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઉદ્‌ઘાટન પ્રસંગે ભવ્ય મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરી હતી. ગુજરાત રાજ્યની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિના મુખ્ય સંકલનકર્તા રમજુભા જાડેજાએ આપેલી માહિતી મુજબ તેમની સાથે ધારાસભ્ય સી.કે. રાઉલજી, રાજેન્દ્રસિંહ પરમાર, ડૉ. સી.જે. ચાવડા, રાજેન્દ્રસિંહ ચાવડા, કિર્તિસિંહ વાઘેલા તેમજ સમિતિના કન્વીનર વિક્રમસિંહજી મહારાઉલજી સહિત ૨૦ જેટલા પ્રતિનિધિઓએ વિધાનસભા ખાતે સ્થિત મુખ્યમંત્રી કાર્યાલયમાં જઈ લેખીત રજૂઆત કરી હતી. એટલુ જ નહી આ ભવ્ય મ્યુઝીયમ બનાવવાની કામગીરી સત્વરે ચાલુ થાય તે રજૂઆત પર વિશેષ ભાર મુક્યો હતો.

થર્મલ પાવર સ્ટેશન પાસે ૬ કરોડ ૫૭ લાખ પાણીના બાકી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનને પાણી પેટે રૂ. ૬ કરોડ ૫૭ લાખ રૂ. ચુકવવાના બાકી હોવાથી જળસંપત્તિ વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

આજે રાજય વિધાનસભા ગૃહમાં લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ આ વિગતો આપી છે. ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન દ્વારા ૫૦ એમએલડી પાણી દૈનિક આપવામાં આવે છે અને તે માટે ઔદ્યોગિક હેતુનો દર તેની પાસેથી વસુલવામાં આવે છે.

આજે સિટીબસ ડેપો ખાતે સેવા અભિવાદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકા સિટીબસ સેવા સંચાલિત કરતી યોગી એજ્યુ ટ્રાન્ઝીટ પ્રા.લિ. દ્વારા તા. ૧૩મી માર્ચ શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે પથિકાશ્રમ સર્કલ નજીકના ગાંધીનગર મહાનગરપાલિકા સિટી બસ સેવા ડેપો ખાતે "સેવા અભિવાદન કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યુંછે. આ સમારંભના અધ્યક્ષ પદે શહેરના મેયર રીટાબેન પટેલ તથા અતિથિવિશેષ પદે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર તથા મનપાની સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત નાયબ મ્યુનિસિપલ કમિશ્નર પી.સી. દવેની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં પ્રસંશનીય સેવાકીય કામગીરી કરનાર સ્ટાફનું અભિવાદન કરાશે.

મહુડી ખાતે નિઃશુલ્ક હોમિયોપેથી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

હોમિયોપેથીના પ્રચાર-પ્રસાર હેતુથી જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા સ્વભંડોળની ગ્રાંટમાંથી માણસા તાલુકાના મહુડીના પ્રાથમિક શાળા નં. ૧ ખાતે તા. ૧૪-૩-૨૦ શનિવારના સવારે ૯ થી ૧ સુધી નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાશે.

સાયન્સ સિટીમાં કોરોના વાયરસ વિષે સમજણ આપતું માહિતીસભર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

સાયન્સ સિટી અમદાવાદ અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી (ગુજકોસ્ટ) દ્વારા સંયુક્ત રીતે સાયન્સ મેટર્સ - કોરોના વાઈરસ વિષે સમજવા ખાસ લેકચરનું આયોજન ૧૨ માર્ચના રોજ સાયન્સ સિટી ખાતે કરવામાં આવ્યું હતું. ચેપી રોગોના નિષ્ણાત ડો. સુરભી મદને સાયન્સ સિટી ખાતે ૨૦૦ ભગ લેનારાઓને સંબોધિત કર્યા હતા.

ડો. સુરભીએ ઈન્ડિયમાં ફેલાયેલ ગભરાટ વિષે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ કે "લોકો ગભરાઈને માસ્કના સ્ટોક કરી રહ્યાં છે. અગર તમે કોવિડ-૧૯થી બીમાર (ખાસ કરીને ખાંસી) છો કે કોવિડ-૧૯થી પીડિતની સંભાળ રાખી રહ્યાં છો તો તમારૂ માસ્ક પહેરવું અનિવાર્ય બની જાય છે. જૂજ યુરોપના અને એશિયાના દેશોની વિરુદ્ધ ભારતમાં હજી કોરોના વાયરસ (કોવિડ-૧૯)થી કોઈ કમનસીબ ઘટના બની નથી.

અગમચેતી માટે ડૉ સુરભિએ જણાવ્યું કે લોકોએ આલ્કોહોલ-યુક્ત હેન્ડ રબ કે સાબુ-પાણીથી હાથ ધોવાની આદત રાખવી જોઈએ. એમને ખાંસતા કે છીંકતા લોકોથી ઓછામાં ઓછું એક મીટર અંતર રાખવું જોઈએ.

ડૉ સુરભિએ લોકોને આગ્રહપૂર્વક શ્વાસોચ્છ્વાસની સ્વચ્છતાના આચરણની અરજી કરી. "જ્યારે તમે છીંક કે ઉધરસ ખાવો ત્યારે હાથથી મોઢું ઢાંકવું અનિવાર્ય છે. આ વાયરસ હવામાં ફેલાય છે તેથી આ એકદમ સરળ અને અસરકારક ટેવ છે. આ શ્વાસોચ્છ્વાસની સ્વચ્છતાના તમને અને તમારાં આસપાસના લોકોને શરદી, ફ્લૂ અને કોવિડ-૧૯થી બચાવી શકો છો." એમ તેમણે જણાવ્યું.

ડૉ. સુરભિના મતે આ ડિજિટલ યુગમાં ઈન્ફોર્મેશન ગણતરીની સેકંડમાં વાયરલ થઈ જાય છે ત્યારે લોકો એ વધુ ને વધુ સાવધ રહેવાની જરૂર છે. અને એમને ઉમેર્યું કે કોઈપણ માહિતી પર વિશ્વાસ કરતાં પહેલા એને ક્રોસ ચેક કરવી ખૂબ જ જરૂરી છે. લોકો ગભરાઈને માસ્કના સ્ટોક કરી રહ્યાં છે. અગર તમે કોવિડ-૧૯થી બીમાર (ખાસ કરીને ખાંસી) છો કે કોવિડ-૧૯થી પીડિતની સંભાળ રાખી રહ્યાં છો તો તમારૂ માસ્ક પહેરવું અનિવાર્ય બની જાય છે. માસ્કનો સ્ટોક કરવાથી માસ્કની અછત ઊભી કરે છે, એટ્લે જ બુધ્ધિમત્તાથી માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. અગર તમે સ્વસ્થ છો તો માસ્કનો ઉપયોગ ટાળો. ગભરાશો નહીં, તકેદારી રાખો.

વાવોલમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે સમય દરમિયાન તેઓને વાવોલ ગામની ભાગોળ પાસે શનિદેવના મંદિર પાસે વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડતા રાણાજી સોમાજી ઠાકોર (ઉં.વ.૫૦ ધેનધુ કલોલ) તેમજ મિથુન જોરસીંગભાઈ વણઝારા (ઉં.૩૬ સે-૧૩ છાપરા) ને પકડી પાડ્યો હતો. પોલીસે બંન્ને ઈસમો પાસેથી જુગાર રમાડવાનું સાહિત્ય તેમજ ૭૩૦ રોકડા અને ૮૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જુગાર અંગે પોલીસે પુછતા તેઓએ મોબાઈલ અને રૂબરૂ આંક લખતા હોવાનું જણાવ્યું હતું. જયારે બંન્ને ઈસમોએ વાવોલના કમાજી વેરૂજી ગોલને કટીંગ આપતા હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં લેબ એટેન્ડન્સ બેભાન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પેથોલોજી વિભાગમાં એક વિચિત્ર ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં પેથોલોજી વિભાગમાં એટેન્ડન્સ તરીકે ફરજ બજાવતો કર્મચારી બેભાન થઈ ગયો હતો. જેને પગલે તેને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં લાવવામાં આવ્યો હતો. જયા સારવાર મળતા તેની તબિયત સુધારા પર જણાઈ હતી. જયારે લેબમાં ફરજ બજાવતો કર્મચારી બેભાન થઈ જતા સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ પેથોલોજી વિભાગમાં નિયમ મુજબ મેડિકલ ઓર્ગન-બાયોપ્સી ડિસ્કાર્ડ કરતી વખતે ફોર્મેલીન કેમીકલ શ્વાસમાં જવાથી લેબ એટેન્ડન્સ બેભાન થઈ ગયો હતો. આ કર્મચારી બેભાન થઈ જતા દોડધામ મચી જવા પામી હતી. જો કે કર્મચારીને સિવિલના તાત્કાલીક વિભાગમાં સારવાર આપવામાં આવતા કર્મચારી પુનઃ ભાનમાં આવી ગયો હતો. જેથી લેબના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ વખતે વરસાદ અનિયમિત રહેશે

ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક અલ્પ વૃષ્ટિ : હોળીની ઝાળના આધારે અંબાલાલ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં અલગ અલગ વિસ્તારોમાં હોળીકા દહન કરવામાં આવે છે. હોળી પર્વની ઉજવણી રાજ્ય હર્ષોઉલ્લાસ સાથે કરવામાં આવી છે, ત્યારે ગાંધીનગરના પાલજ ગામ ખાતે વિશાળ હોળી પ્રગટાવીને લોકોએ પર્વની ઉજવણી કરી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહીને હોળીની પ્રદક્ષિણા કરે છે. ગાંધીનગર પાસે આવેલા પાલજ ગામ ખાતે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની સૌથી મોટી હોળી પ્રગટાવીને હોળીના પર્વની લોકોએ અનોખી રીતે ઉજવણી કરે છે. ત્યારે પાલજ ખાતેની હોળી વિશેષતા એ છે કે આ હોળીના આધારે વર્ષનો વરતારો કરવામાં આવે છે. હોળી પ્રગટાવીને તેની પવનની દિશા પ્રમાણ આધારે વર્ષ કેવુ રહેશે તે આધારિત વર્ષનો વરતારો કરવામાં આવે છે. ત્યારે આ વર્ષનો વરતારો કરતા અંબાલાલ પટેલે જણાવ્યું હતુ કે આ વર્ષનો પવન દક્ષિણથી ઉત્તર તરફનો છે. જે દર્શાવે છે કે વરસાદ અનિયમિત રહેશે અને કેટલાક વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ જ્યારે કેટલાક વિસ્તારમાં ઓછો વરસાદ રહેશે. ખાસ કરીને દરિયાકિનારા ખાતે અતિ વૃષ્ટિ માફકનો વરસાદ સૂચવે છે.

હોળીના વખતે પરંપરાગત વર્ષાજ્ઞાનના આધારે પવનનું અવલોકન કરવામાં આવતુ હોય છે. આ વખતનો પવન દક્ષિણ-પૂર્વનો હતો વળી હોળીના દિવસે પશ્ચિમી વિક્ષેપના લીધે પણ વાતાવરણની દિશામાં પણ કદાચ ગરબડ થઈ શકે. જ્યારે સાયક્લોનિક સરક્યુલેશનના કારણે પવનોની દિશા અલગ-અલ ભૂ ભાગ પર ભિન્ન ભિન્ન રહેતી હોવાનું તારણ જાણવા મળ્યું છે. હોળી એ ઉનાળાના મુખનો તહેવાર છે અને વસંત સંપાત નજીક આવતો તહેવાર ઘણી વખત હોય છે. (આ વખતે વસંત સંપાત ૨૦ માર્ચ છે) આથી પવનનું અવલોકન કરતાં આ વખતનું ચોમાસુ ઉત્તર-મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ અનિયમિત રહી શકે. ક્યાંક ભારે તો ક્યાંક હળવો વરસાદ થઈ શકે. રાજ્યના દરીયાકિનારાના ભાગોમાં ભારે કે અતિ ભારે વરસાદ થઈ શકે. અમરેલી, જૂનાગઢ, ભાવનગરના ભાગોમાં સારો વરસાદ થઈ શકે. દક્ષિણ ગુજરાતમાં પણ સારો વરસાદ થઈ શકે. કચ્છ, બનાસકાંઠાના કેટલાક ભાગોમાં સારો વરસાદ થઈ શકે. આ વખતનું હવામાન પશ્ચિમી વિક્ષેપના કારણે ડહોળાયેલુ ગણી શકાય. આથી અખાત્રીજનો પવનનું પણ અવલોકન કરવુ રહ્યું.

ગુજરાતે સરપ્લસ વીજળીનું વેચાણ દેશના ૧૦ રાજ્યોને કર્યુ છે : ઊર્જામંત્રી

ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે ગુજરાતે પોતાની સરપ્લસ વીજળીનું દેશના ૧૦ રાજ્યોને વેચાણ કર્યું છે. વિધાનસભાના પ્રશ્નોત્તરીકાળ દરમિયાન આ અંગે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં ઊર્જામંત્રીએ આ વિગતો આપતા કહ્યું કે ગુજરાત વીજળીનું વિપુલ ઉત્પાદન કરનારૂ રાજ્ય છે. વીજળીનો સંગ્રહ શક્ય ન હોવાને કારણે તનું ઉત્પાદન માંગને આધિન હોય છે.

વીજળીની માંગ અને પુરવઠામાં જુદા જુદા કારણોસર વધઘટ થતી રહેછે તેની વિગતો આપતાં સૌરભભાઈ પટેલે ઉમેર્યું કે વરસાદની મોસમ હોય, તહેવારો કે રજાના દિવસોમાં ઉદ્યોગો-કારખાનાઓ બંધ હોય કે તાપમાનની વધઘટ હોય અથવા વિન્ડ એનર્જી, સોલાર એનર્જીની વ્યાપક ઉપલબ્ધિ હોય તેવા સંજોગોમાં માંગ-પુરવઠામાં બદલાવ આવતો રહે છે. સૌરભભાઈ પટેલે વધુમાં કહ્યું કે જ્યારે વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠતમ ઉપયોગિતા માટે અને પ્લાન્ટ બિનઉપયોગી ન રહે તેવા હેતુસર અન્ય રાજ્યોને વીજળી વેચવામાં આવે છે.

યુથ કોંગ્રેસ સામેના ખોટા કેસો પાછા ખેંચી લેવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

યુથ કોંગ્રેસના યુવા નેતાઓ પર ખોટા આક્ષેપો કરી કરવામાં આવેલોપોલીસ કેસ પાછો ખેંચવા યુથ કોંગ્રેસે પોલીસવડાને રજૂઆત કરી છે.

આજ રોજ ગાંધીનગર જિલ્લા યૂથ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકીની આગેવાનીમાં તથા ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, યૂથ કોંગ્રેસના ઉપપ્રમુખ મિતેશસિંહ બિહોલા, કિરીટસિંહ રાણા, સિદ્ધરાજ, કુલદીપ, રાજદીપ, યશરાજ, ઋત્વિક સહિત યૂથ કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં ગાંધીનગર જિલ્લા પોલિસ અધિકારીને આવેદન આપવામાં આવ્યું હતું. હાલ જ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટ અને વેલફેર ઈલેકશનમાં ભાજપના દિગ્ગજોના પુત્રો લડતા હતા. તેમ છતા કોંગ્રેસ પક્ષના યુવા નેતા ઈન્દ્રવિજયસિંહ ગોહિલના માર્ગદર્શન અને મહેનતથી અને સૌના સાથ સહકારથી એસયુઆઈ ૨૨ માંથી ૧૫ બેઠકો પર જવલંત વિજય મેળવ્યો છે. આવી કારમી હાર પચાવી ના સકતા ભાજપ સરકાર દ્વારા એનએસયુઆઈના નેતા ઈન્દ્રવિજયસિંહ તથા અન્ય સાથી પર ખોટી અને પાયા વીનાની પોલીસ ફરિયાદ કરીને રાજકિય રીતે હેરાન પરેશાન કરવાનુ શરૂ કર્યુ છે. પ્રોફેસર થઈને ભણાવવાને બદલે ભાજપના એજન્ટ બનીને કામ કરતા આવા પ્રોફેસર વિરુદ્ધ યોગ્ય કાયદાકીય પગલા ભરવા તથા ખોટા કેસો પાછા લેવામાં આવે તેમજ યોગ્ય પગલાં લેવામાં આવે તેવી ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ માંગણી કરે છે. તેમજ એબીવીપી દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં હારના લીધે પોલિસ ઉપર કરેલા હુમલાને યૂથ કોંગ્રેસ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

રવિવારે "કોરોના" સામે લડવા નિઃશુલ્ક હોમિયોપેથીક દવા વિતરણ કેમ્પનું આયોજન

ગાંધીનગર હોમિયોપેથીક એસોસીએશનના ઉપક્રમે આગામી તા. ૧૫મી માર્ચ રવિવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન સેક્ટર-૨૪ના શાકમાર્કેટ પાસેના અર્બન હેલ્થ સેન્ટર ખાતે વિનામૂલ્યે હોમિયોપેથી દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ દવાથી હાલમાં પ્રવર્તમાન "કોરાના" વાઈરસ જેવી બિમારીઓ સામે લડવા રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થશે. ગાંધીનગર હોમિયોપેથીક એસોસીએશનના પ્રમુખ ડૉ. વિજય જોગીના જણાવ્યા અનુસાર ચીનમાં ઉદ્‌ભવેલા તેમજ આખા વિશ્વમાં ફેલાયેલ કોરોના વાઈરસના ફેલાવા તેમજ તેનાથી થયેલ સંક્રમણને અટકાવવા એસોસીએશનની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગરમાં એક નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવા અંગે નિર્ણય લેવાતા રવિવારે તેનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા શહેરની જાહેર જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.